ગાંધીનગર સમાચાર

સરકાર ગરીબ અને યુવાનોની સલામતી માટે કટિબદ્ધ : મોદી

ભાજપને સ્પષ્ટ બહુમતિ લોકોએ આશા અને વિશ્વાસ માટે આપી છે

નવી દિલ્હી,તા. ૨૦

નરેન્દ્ર મોદી આજે સંસદ ભવનમાં ભાજપ સંસદીય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ પોતાના સંબોધનમાં ભાવનાશીલ બની ગયા હતા અને સ્પષ્ટપણે રડી પડ્યા હતા. સંસદીય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ મોદીએ તેમના સંબોધનમાં અનેક મુદ્દા ઉપર વાત કરી હતી. આ વાતચીત દરમિયાન નરેન્દ્ર મોદી એક વખતે ભાંગી પડ્યા હતા. મોદીએ કહ્યું હતું કે, ચૂંટણી પરિણામ નવી આશા અને અપેક્ષાઓ માટે મળ્યા છે જેથી દેશના લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે બનતા તમામ પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. તેમના ભાષણ દરમિયાન ૬૩ વર્ષીય મોદી એ વખતે ભાંગી પડ્યા હતા જ્યારે તેઓએ અડવાણી દ્વારા કરવામાં આવેલા ઉલ્લેખની વાત કરી હતી. મોદીએ સંસદીય ગૃહમાં પાર્ટીના નવા ચૂંટાયેલા સાંસદો અને નેતાઓને સંબોધન કરતા કહ્યું હતું કે, લોકસભામાં ભાજપને સ્પષ્ટ બહુમતિ મળી છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, તેમને ભાજપથી ઉપર જોવામાં ન આવે તે જરૂરી છે. લાલકૃષ્ણ અડવાણીની વાતનો જવાબ આપતા મોદી ભાવનાશીલ થઈ ગયા હતા. અડવાણીએ કહ્યું હતું કે, મોદીએ ચૂંટણીમાં પાર્ટીનું નેતૃત્વ કરીને કૃપા કરી છે. મોદીએ આના જવાબમાં કહ્યું હતું કે, કૃપા જેવા શબ્દનો ઉપયોગ કરવામાં ન આવે. એક પુત્ર પોતાની માતા ઉપર ક્યારે કૃપા કરતા નથી. પુત્ર હંમેશા સમર્પણ ભાવનાથી કામ કરે છે. તેઓ ભાજપને પોતાની માતા તરીકે ગણે છે. તમામ લોકોને એક સાથે લઈને આગળ વધવા માંગે છે. હવે જવાબદારીનો દોર શરૂ થયો છે. આને પૂર્ણ કરવા માટે તમામ પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. આ પ્રસંગે જો વાજયેપી રહ્યા હોત તો વધુ સારી બાબત રહી હોત. આ લોકશાહીની મંદિર છે. આ મંદિરમાં પૂર્ણ પવિત્રતાની સાથે આગળ વધવામાં આવે તે જરૂરી છે. વાજપેયીના નામનો ઉલ્લેખ કરતા પણ તેઓ ભાવનાશીલ બની ગયા હતા. સમાજમાં તમામ વર્ગો પ્રત્યે અમારી જવાબદારી વધી છે. ખરાબ અનુભવને હવે ભુલી જવાની જરૂર છે. પોતે ખુબ આશાવાદી વ્યક્તિ છે અને આશાવાદી વ્યક્તિ જ દેશમાં નવી આશા જગાવી શકે છે. લોકોની અપેક્ષાઓને તેઓ હંમેશા પૂર્ણ કરશે. ૨૦૧૯માં લોકો સમક્ષ રિપોર્ટ કાર્ડ રજૂ કરવાની પણ તેમણે વાત કરી હતી. તેમની સરકાર ગરીબ અને કરોડો યુવાનોની સુરક્ષા અને સલામતી માટે કટિબદ્ધ છે.

પુત્ર પોતાની માતા પર ક્યારે કૃપા કરતો નથી : મોદી

મોદી બે વાર ભાવનાશીલ

નવી દિલ્હી,તા. ૨૦

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ભાજપ સંસદીય બોર્ડના નેતા ચુંટાઈ આવ્યા બાદ નવા ચૂંટાયેલા સાંસદો અને અન્ય નેતાઓને સંબોધતા બે વખત ભાવનાશીલ બની ગયા હતા અને લગભગ રડી પડ્યા હતા. તેમનો આ ચહેરો પણ પ્રથમ વખત જોવા મળ્યો હતો. મોદીએ એક વખતે વાજપેયીના અને બીજી વખત અડવાણીના નિવેદનનો ઉલ્લેખ કરતા ભાવનાશીલ બન્યા હતા. મોદીએ તેમના સંબોધનમાં શું કહ્યું તે નીચે મુજબ છે.

- જવાબદારી અદા કરવાનો સમય આવી ગયો છે
- એક પુત્ર પોતાની માતા ઉપર ક્યારે કૃપા કરી શકે નહીં
- પુત્ર હંમેશા સમર્થન ભાવનાથી જ કામ કરે છે
- ભાજપને તેઓ માતા તરીકે ગણે છે જેથી તેઓ કોઇ કૃપા કરતા નથી
- ભાજપની શાનદાર જીત માટેની ક્રેડિટ સંગઠનની શક્તિને છે
- લોકસભામાં ભાજપને મળેલી બહુમત આશા અને વિશ્વાસને મળી છે
- તેઓ ક્યારે પણ નિરાશાવાદી રહ્યા નથી
- નિરાશામાં તેઓ માનતા નથી
- લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવા હંમેશા કામ કરશે
- સામાન્ય લોકોમાં જાગેલી નવી આશા હંમેશા જીવંત રહેશે
- નવી સરકાર લાખો-કરોડો ગરીબ લોકો, વંચિત લોકો માટે કટિબદ્ધ રહેશે
- માતા અને બહેનોની સુરક્ષા માટે કટિબદ્ધ રહેશે
- ભાજપને સ્પષ્ટ બહુમતિ લોકોએ આશા અને વિશ્વાસ માટે આપી છે
- નિરાશાને કોઈપણ સ્થાન નથી
- ૨૦૧૯માં તેઓ ફરી રિપોર્ટ કાર્ડ સાથે સાંસદો સાથે અહીં મળશે
- તેમની સરકાર દેશ માટેની સરકાર રહેશે
- જે જવાબદારી સોંપી છે તે કામને પૂર્ણ કરવા તમામ તાકાત લગાવી દઈશ
- તેમના કામના કારણે ક્યારે નીચુ જોવાનું આવશે નહીં
- અગાઉની સરકારોએ પણ પોતપોતાની રીતે સારી કામગીરી અદા કરી હતી
- પક્ષની જવાબદારી સ્પષ્ટ બહુમતિના કારણે વધી ગઈ છે

પાંચ રાજ્યોના રાજ્યપાલને બદલવામાં આવે તેવી વકી

ક્યા રાજ્યમાં રાજ્યપાલ ક્યાં બદલાઈ શકે છે.....

નવીદિલ્હી ,તા. ૨૦

મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં આવ્યા બાદ પાંચ રાજ્યોના રાજ્યપાલોને બદલવામાં આવે તેવી ચર્ચા થઈ રહી છે. ભૂતકાલિન પરંપરા જારી રહે તેવી વકી છે. પાંચ રાજ્યના રાજ્યપાલોના ભાવિ અનિશ્ચિત દેખાઈ રહ્યા છે. યુપીએ દ્વારા નિમાયેલા કયા રાજ્યપાલોના ભાવિ અનિશ્ચિત દેખાઈ રહ્યા છે તે નીચે મુજબ છે.

રાજ્ય	રાજ્યપાલ
ગુજરાત	કમલા બેનીવાલ
કર્ણાટક	એચઆર ભારદ્વાજ
કેરળ	શિલા દિક્ષીત
ઉત્તરપ્રદેશ	બીએલ જોશી
પંજાબ	શિવરાજ પાટીલ

નવી દિલ્હી,તા. ૨૦

લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ હવે કેટલાક રાજ્યપાલોને લઈને પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. ચૂંટણીમાં કારમી હાર બાદ આયોજન પંચના તમામ સભ્યો મનમોહનસિંહને તેમના રાજીનામા આપી ચુક્યા છે. આની સાથે જ આયોજન પંચની ફેરરચના માટેનો માર્ગ પણ મોકળો થઈ ચુક્યો છે. મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સત્તારુઢ થવા જઈ રહી છે ત્યારે યુપીએ દ્વારા નિમવામાં આવેલા ઘણા રાજ્યપાલોના ભાવિ પણ અનિશ્ચિત દેખાઈ રહ્યા છે. ૨૦૦૪માં એનડીએ શાસન બાદ જ્યારે યુપીએ સત્તામાં આવતા એનડીએ દ્વારા નિમાયેલા રાજ્યપાલોની હકાલપટ્ટી કરાઈ હતી. હવે ફરી એકવાર યુપીએના ગાળા દરમિયાન નિમાયેલા રાજ્યપાલોના ભાવિને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર સાથે ખેંચતાણવાળા સંબંધ રાખી ચુકેલા ગુજરાતના રાજ્યપાલ કમલાબેનીવાલના નામ ઉપર પણ ચર્ચા ચાલી રહી છે જ્યારે કર્ણાટકના રાજ્યપાલ એચઆર ભારદ્વાજને બદલવામાં આવે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. કેરળના રાજ્યપાલ શિલા દિક્ષીત, ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બીએલ જોશી, પંજાબના શિવરાજ પાટીલ પણ તેમના ભાવિને લઈને અનિશ્ચિત દેખાઈ રહ્યા છે. યુપીએ સત્તામાં આવ્યા બાદ એનડીએના શાસન દરમિયાન નિમણૂંક પામેલા રાજ્યપાલોને બદલી દેવામાં આવ્યા હતા. આવી જ રીતે હવે કેન્દ્રમાં મોદીની નેતૃત્વમાં સરકાર આવ્યા બાદ નવા રાજ્યપાલોની નિમણૂંક કરવામાં આવે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. કેટલાક લોકો એમ પણ માની રહ્યા છે કે, મોદી સરકારની શપથવિધિ થયા બાદ આ રાજ્યપાલ રાજીનામુ આપી શકે છે. આયોજન પંચના સભ્યોના રાજીનામા એક રૂટિન કવાયતના ભાગરુપે છે. આયોજન પંચનું નેતૃત્વ ડેપ્યુટી ચેરમેન મોન્ટેકસિંહ આહલુવાલિયા કરી રહ્યા હતા. સી. રંગરાજનના નેતૃત્વમાં પીએમની ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલના સભ્યો પણ રાજીનામા આપી ચુક્યા છે.

મોદી વિરોધી ટિપ્પણી કરી જ નથી : શાહરૂખ

મુંબઈ ,તા. ૨૦

સુપર સ્ટાર શાહરૂખ ખાને આજે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે, ટ્વિટર ઉપર નરેન્દ્ર મોદી વિરોધી ટિપ્પણી તે કરી ચુક્યો છે. શાહરૂખ ખાને એવા અહેવાલને રદિયો આપતા કહ્યું છે કે, હાલમાં ટ્વિટર ઉપર એવી ચર્ચા હતી કે, શાહરૂખે એમ કહ્યું છે કે, જો મોદી વડાપ્રધાન બનશે તો તે ભારત છોડી દેશે પરંતુ તેના તરફથી આવી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. અભિનેતાએ કહ્યું છે કે, તેને આખરે ખુલાસો કરવાની ફરજ પડી છે. ૧૬મી મેના દિવસે શાહરૂખ ખાને કહ્યું હતું કે, લોકોએ ખુબ શાનદાર જનમત આપ્યો છે. એક વખત ફરી સાબિતી મળી છે કે, દેશમાં લોકશાહી વ્યવસ્થા મજબૂત બની છે. હવે તે ફરી સક્રિય અને વિશ્વાસુ ભારતમાં આગળ વધવા ઈચ્છુક છે. ટીવી અભિનેતા કમાલ ખાને ટ્વિટર ઉપર જણાવ્યું હતું કે, મોદીની ચૂંટણી જીત બાદ તે ભારત છોડી રહ્યો છે. કમાલે કહ્યું હતું કે, તે પોતાના વચન ઉપર આગળ વધી રહ્યો છે. શાહરૂખ અને અન્યો વચન પાળશે કે કેમ તેને આ વાતની ખબર નથી પરંતુ તે પોતાના વચન પાળશે. બિગબોસમાં ભાગ લઈ ચુકેલા કમાલે આ મુજબની વાત કરી હતી.

ચિત્તોડગઢમાં ટ્રેન સાથે ટ્રક અથડાતા છ લોકોના મોત

ઉદયપુર,તા. ૨૦

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં કપાસણ વિસ્તારમાં સિન્ધિયાડા ગામ નજીક માનવવગરના રેલવે ક્રોસિંગ પર પર બ્રાન્દ્રા-ઉદયપુર સુપરફાસ્ટ ટ્રેન સાથે મિની ટ્રક અથડાઈ જતા ઓછામાં ઓછાં છ લોકોના મોત થયા છે. જેમાં ત્રણ મહિલાનો સમાવેશ થાય છે. એક જ પરિવારના છ લોકોના મોતથી ભારે કમકમાટી મચી ગઈ હતી. પોલીસે વિગત આપતા કહ્યું છે કે ૭.૩૦ વાગ્યાની આસપાસ આ બનાવ બન્યો હતો. ભોગ બનેલા લોકો કપાસણ શહેરમાં સંધ્યાપુર નજીકના માર્કેટમાં જઈ રહ્યા હતા. ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોને ૫૦ હજાર રૂપિયા વળતર તરીકે આપવાની જાહેરાત કરી છે. અકસ્માત એટલો પ્રચંડ હતો કે ટ્રકના ફુરચે ફુરચા ઉડી ગયા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે હાઈ સ્પીડ ધરાવતી ટ્રેન ટ્રક સાથે ટકરાઈ હતી. ટ્રકને અડધા કિલોમીટર સુધી ખેંચી ગઈ હતી. ગમખ્વાર અકસ્માત થયા બાદ આસપાસના લોકો પણ મોટી સંખ્યમાં ભેગા થઈ ગયા હતા. પોલીસે ટ્રેકની આસપાસ વિખરાઈ ગયેલા મૃતદેહોના ટુકડા ભેગા કર્યા હતા. જ્યારે ટ્રકને ટ્રેકથી દુર કરવા ભારે જહેમત ઉઠાવવી પડી હતી. રેલવેના ટ્રેકને ક્લિન કરવામાં ચાર કલાક સુધીનો સમય લાગ્યો હતો. કાયદા મુજબ જંગી સાવધાની બોર્ડ માનવગરના રેલવે ક્રોસિંગ પર રહે તે જરૂરી છે.

બીજી બાજુ ડ્રાઈવરોની ભુલ પણ સૌથી મોટી રહે છે. ડ્રાઈવરોને વાંરવાર બન્ને બાજુ જોઈને રેલવે ક્રોસિંગને પાર કરવા માટે સલાહ આપવામાં આવે છે છતાં આ પ્રકારના બનાવ બને છે. કારણ કે ડ્રાઈવર ભારે બેદરકારી દાખવે છે. રીજનલ રેલવે અધિકારી હરફુલસિંહે કહ્યું છે કે રેલવે દ્વારા વારંવાર સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે અને અહેવાલો પણ આપવામાં આવે છે પરંતુ બેદરકારી પૂર્વક ઉતાવળના કારણે આ પ્રકારના અકસ્માતો થાય છે.

બસપની તમામ કમિટિઓને માયાએ આખરે વિખેરી દીધી

નવી દિલ્હી,તા. ૨૦

લોકસભાની ચૂંટણીમાં અતિ કંગાળ દેખાવ કર્યા બાદ બહુજન સમાજ પાર્ટીના નેતા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ પાર્ટીની તમામ કમિટિઓને વિખેરી નાંખી હતી. માયાવતીએ નવેસરથી આ કમિટિઓની રચના કરવાની તૈયારી દર્શાવી છે. પક્ષના હોદ્દેદારો અને નેતાઓ સાથે પક્ષના નિરાશાજનક દેખાવની સમીક્ષા કરનાર માયાવતીએ ચર્ચા બાદ કહ્યું હતું કે, તમામ વિધાનસભા, જિલ્લા અને રાજ્ય સ્તરની કમિટિઓને વિખેરી નાંખવામાં આવી છે. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં ૨૦ સાંસદો ધરાવનાર માયાવતીની પાર્ટીને હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ઉત્તરપ્રદેશમાં ખાતુ

ખોલવાની પણ તક મળી નથી. માયાવતીના અતિ કંગાળ દેખાવના કારણે તેની હાલત કફોડી બનેલી છે. પાર્ટીના વડાએ હવે તમામ સમિતિઓની ફેર રચના કરવાની તૈયારી હાથ દરી છે. પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ માયાવતી હવે નવી સમિતિઓ બનાવશે. પાર્ટીમાં નવા કો-ઓર્ડિનેટરની નિમણૂંક પણ કરવામાં આવશે. કેટલાકની ભૂમિકાને લઈને પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. કારણ કે પાર્ટીનો ચૂંટણીમાં ખુબ જ કંગાળ દેખાવ રહ્યો છે. માયાવતીએ નેતાઓ સાથે વાતચીત કરી હતી અને હારના કારણો અંગે વ્યક્તિગતરુપે પ્રશ્નો પણ કર્યા હતા. માયાવતીએ પક્ષના નેતાઓની ટિકા પણ કરી હતી અને ચૂંટણી દરમિયાન તેમની ઉદાસીનતા બદલ તેમની ઝાટકણી કાઢી હતી. બસપના વડાએ સંકેત આપ્યો હતો કે, તેઓ પાર્ટી સંગઠનને નવેસરથી બનાવશે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં લાગી જવા પક્ષના કાર્યકરોને અપીલ કરવામાં આવી હતી.

સમાચાર ઝલક

- મોદીની જીતને વધાવવા માટે નિઃશુલ્ક નમો અગરબત્તીનું વિતરણ કરાયું.
- ભારતમાં ફેસબુકનાં એક અબજથી વધુ યુઝર્સ થયા.
- કોલંબિયામાં બસમાં આગ લાગતાં ૩૧ બાળકોનાં મૃત્યુ.
- નરેન્દ્રભાઇ મોદીની જબરજસ્ત જીતથી અસમંજસમાં પશ્ચિમના દેશો.
- ગાંધીધામ નજીક રામપુર તુલા ગામે તળાવમાં પાણી લેવા જતાં ૪ બહેનોના ડુબી જવાથી મોત.
- ટૂંક સમયમાં રાંધણ ગેસમાં રૂા. ૨૫૦ અને ડીઝલમાં રૂા. ૪નો વધારો જશે.
- આગામી દિવસોમાં ૪૨ ડિગ્રીની આસપાસ પારો રહેશે, ઉકળાટ-બફારાથી લોકો બેબાકળા બન્યા.
- બી. એસ. એન. એલ. દ્વારા ઇમેલ સેવા શરૂ બ્રોડબેન્ડ ગ્રાહકોને 'ફ્રી' લાભ.
- જર્મનીની ઓટો કંપની ફોક્સવેગન ભારતમાં ૮૦૦ કરોડનું રોકાણ કરશે.
- ઉત્તર કોરિયામાં બની રહેલી ૨૩ માળની ઇમારત ધરાશયી થતાં ૧૦૦ નાં મોત.
- ન્યૂયોર્કમાં ૨૧ વર્ષની નીચેની વયનાઓ સિગારેટ નહીં ખરીદી શકે.
- બોસ્નીયા અને સર્બિયામાં પૂર.
- હજુ પણ ગુજરાતના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી.
- મોરબી પંથકમાં પિતાએ ટી.વી. જોવા બાબતે ઠપકો આપતાં પુત્ર અને પુત્રીનો આપઘાત.
- મીઠા ઉદ્યોગ પર ફ્યુઅલ ચાર્જ વધારતાં રેલ્વે દ્વારા કમરતોડ ફટકો.
- ભારે ડિમાન્ડવાળા એમ. એસ. ડબલ્યુની પુરતી બેઠકોનાં ફોર્મ ના ભરાયા, સંચાલકો મુશ્કેલીમાં.
- હેલીકોપ્ટર કૌભાંડમાં બે રાજ્યપાલોની પુછપરછ કરવા સીબીઆઇની તૈયારી.
- વડોદરા જિલ્લામાં ખેતીવાડી અધિકારી રૂા. એક લાખની લાંચ લેતાં ઝડપાયા.
- પાનમસાલાની જાહેરાત માટે શાહરૂખખાને રૂા. ૨૦ કરોડ માગ્યા.

જગન મોહનની મોદી સાથે ચર્ચા

જગને નરેન્દ્ર મોદીને મુદ્દા આધારિત સમર્થન આપ્યું

નવીદિલ્હી, તા. ૨૦

ટીડીપીના નજીકના હરીફ વાયએસઆર સીપીના વડા વાયએસ જગનમોહન રેડ્ડી આજે નરેન્દ્ર મોદીને મળ્યા હતા અને ભાજપને મુદ્દા આધારિત ટેકો આપવાની વાત કરી હતી અને કહ્યું હતું કે, તેમની પાર્ટીએ તેમનો ક્યારે પણ વિરોધ કર્યો ન હતો. ટીડીપી-ભાજપ ગઠબંધન સામે તાજેતરમાં પુરી થયેલી ચૂંટણીમાં મેદાનમાં ઉતરનાર જગનમોહન રેડ્ડી ગુજરાત ભવનમાં મોદીને મળ્યા હતા અને આંધ્રપ્રદેશના નિર્માણમાં મદદરુપ થવા આગામી વડાપ્રધાનને અપીલ કરી હતી.

જગનમોહનની સાથે તેમની પાર્ટીના સાંસદો પણ રહ્યા હતા. રેડ્ડીએ મોદી સાથેની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી પહેલાથી જ ૨૮૩ સાંસદો ધરાવે છે. મોદીને અમારામાંથી કોઈની પણ જરૂર નથી પરંતુ અમે મુદ્દા આધારિત ટેકો આપવા માંગીએ છીએ. અમે ક્યારે પણ મોદીનો વિરોધ કર્યો નથી. એનડીએની અંદર સામેલ થવા અંગે મોદી સાથે કોઈ રાજકીય વાતચીત થઈ છે કે કેમ તે અંગે વાત કરવાનો તેમણે ઈન્કાર કર્યો હતો. રેડ્ડીએ કહ્યું હતું કે, આંધ્રપ્રદેશ મોદીની પુરતી મદદ કરશે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, આંધ્રપ્રદેશ રાજ્યમાં પણ તેમની જરૂર છે. જગન મોહને દાવો કર્યો હતો કે, મોદીએ ખાતરી આપી છે કે, મેમોરેન્ડમમાં ઉલ્લેખ કરવામાં આવેલા તમામ મુદ્દાઓ પર તેઓ ધ્યાન આપશે.

મોદી વારાણસીમાં ૬૦ ફલાય ઓવર બનાવવા ઈચ્છુક બન્યા

વારાણસી,તા. ૨૦

વારાણસીના સાંસદ તરીકે સંસદમાં પ્રવેશ કરે તે પહેલા અને દેશના વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળે તે પહેલા જ નરેન્દ્ર મોદીએ તેમના સંસદીય મતવિસ્તાર વારાણસી માટે નવી વિકાસ યોજના તૈયાર કરી લીધી છે. સરકારમાં રહેલા સુત્રોએ કહ્યું હતું કે મોદી અધિકારીઓનો સપંર્ક કરી ચુક્યા છે અને પવિત્ર વારાણસી શહેર માટે વિકાસ યોજના તૈયાર કરી લેવામાં આવી છે. મોદીએ ગંગાને સ્વચ્છ બનાવવા ઉપરાંત શહેરને સ્વચ્છ બનાવવાની નિતી તૈયાર કરી લેવામાં આવી છે. વારાણસીમાં ટ્રાફિકને હળવી કવા માટે યોજના તૈયાર કરી લેવામાં આવી છે. ટીમ મોદી ૬૦ ફલાયઓવર બનાવવાની યોજના ધરાવે છે. કેટલીક મોટી યોજના ટુંકમાં આકાર લેનાર છે. શહેરની અંદર ૬૦ ફલાય ઓવર બનનાર છે. વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ નરેન્દ્ર મોદી દિલ્હીની જેમ જ પોતાના સંસદીય

ક્ષેત્ર વારાણસીમાં મિની પીએમઓ બનાવી શકે છે. આ મિની પીએમઓ વારાણસી માટે મોદીના પ્લાનને અંજામ સુધી પહોંચાડશે. મોદી વારાણસીની બેઠક છોડશે કે રાખશે તે અંગે હજુ કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી પરંતુ એક બાબત નક્કી છે કે, આવનાર દિવસોમાં વારાણસીનું ખુબ મહત્વ રહેશે. મોદી કેમ્પના ભાજપના નેતાઓનું કહેવું છે કે, મોદીની એક ટીમ વારાણસીમાં ઉપસ્થિત રહેશે. દિલ્હીના પીએમ ઓફિસની જેમ જ વારાણસીમાં મોદીની મિની ઓફિસ રહેશે.

વારાણસીના મેયર રામગોપાલ મોહલે દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આવનાર દિવસોમાં કાશીમાં એક મિની પીએમઓ રહેશે જે મોદીના સંસદીય ક્ષેત્રમાં તેમની યોજનાઓને અંજામ સુધી લઈ જશે. ભાજપના આંતરિક સૂત્રોએ કહ્યું છે કે, મોદીની આ ઓફિસ માટે જગ્યા પણ શોધી કાઢવામાં આવી છે. સિગરા સ્થિત ભાજપની ચૂંટણી ઓફિસને આના માટે પસંદ કરવામાં આવી છે. ચર્ચા એવી પણ છે કે, ભાજપે આ ઓફિસ ખરીદી લીધી છે. વારાણસીને વિશ્વને શ્રેષ્ઠ શહેર બનાવવાની કવાયત પણ હાથ ધરવામાં આવી છે.

અડવાણીના રોલને લઈ હજુ પણ દુવિધા યથાવત

નવીદિલ્હી ,તા. ૨૦

મોદીની કેન્દ્રિય કેબિનેટમાં કોને કયા ખાતા મળશે તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે પરંતુ લાલકૃષ્ણ અડવાણીના મુદ્દે હજુ પણ સર્વસંમતિ સધાઈ નથી. લાલકૃષ્ણ અડવાણીને લોકસભાના અધ્યક્ષ બનાવવાની હિલચાલ ચાલી રહી છે. રાજનાથસિંહ અને જેટલીને સુરક્ષા અંગેની કેબિનેટમાં બે મહત્વની જગ્યા મળી શકે છે. અન્ય સીસીએસની જગ્યાને લઈને ભારે દુવિધા છે જેમાં વિદેશ અને સંરક્ષણનો સમાવેશ થાય છે. સુષ્મા સ્વરાજ સીસીએસમાં સ્થાનને લઈને ઉત્સુક છે પરંતુ નરેન્દ્ર મોદી તેમને સામેલ કરશે કે કેમ તેને લઈને શંકા રહેલી છે. સુષ્મા સ્વરાજને એચઆરડી અથવા આરોગ્યના ખાતા આપવામાં આવે તેવી શક્યતા છે. રામવિલાસ પાસવાનને મહત્વપૂર્ણ ખાતું મળે તેવી શક્યતા છે. પાસવાનને રેલવે મળશે કે કેમ તેને લઈને હજુ નિશ્ચિત નથી પરંતુ તેઓ અગાઉ રેલવે ખાતું જાળવી ચુક્યા છે.